

સાબરમતી મોટેરા ખાતે રોહિત સમાજના સમુહલગ્નમાં ૧૭ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા.

# રાજયમાં ધો.૧૦-૧૨માં સત્તર લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

## બોર્ડ પરીક્ષામાં ચોરી રોકવા સીસીટીવી કેમેરા લગાવાશે : શિક્ષણમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી જિલ્લા શિક્ષણ અધિકારીઓની વિશેષ બેઠકમાં આયોજનની સમીક્ષા કરવામાં આવી: ૩૦૦ સ્કવોડની રચના કરાશે

અમદાવાદ, તા.૮

માર્ચ, એપ્રિલ મહિનામાં ધોરણ-૧૦ તથા હાયર સેકન્ડરી પરીક્ષાઓ યોજાનાર છે ત્યારે આ પરીક્ષાઓમાં ચોરીઓ રોકીને ચોરી દુષણ મુક્ત ગુજરાત બનાવવા રાજ્યના વહીવટીતંત્રને અત્યારથી જ આયોજન કરવા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ અપીલ કરી છે. ગાંધીનગર ખાતે યોજાયેલી રાજયના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતીઓના ચેરમેને બેઠકમાં ધોરણ ૧૦-૧૨ની યોજાનાર પરીક્ષાઓમાં ચોરી, ગેરરીતીઓ રોકવા લેવાનાર પગલાંઓ અને સમગ્ર આયોજનની શિક્ષણ મંત્રીએ વિસ્તૃત સમીક્ષા કરી હતી. ધોરણ-૧૦ અને હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ ૧૩ માર્ચથી શરૂ થશે ત્યારે હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહના બીજા અને ચોથા સેમેસ્ટરની પરીક્ષાઓ ૪ એપ્રિલથી શરૂ થશે. આ પરીક્ષાઓમાં અંદાજે ૧૭ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે. શિક્ષણ મંત્રીએ પરીક્ષાઓમાં ચોરી અને ગેરરીતીઓને દુષણ લેખાવી તેને ડામવા અત્યારથી જ સર્વગ્રાહી આયોજન કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પરીક્ષાઓમાં ચોરી રોકવા સુપરવાઈઝર, સંચાલક અને કર્મચારીની ટીમની અત્યારથી જ પસંદગી કરીને પરીક્ષાઓમાં ચોરીઓ રોકવાની વિશેષ જવાબદારી સોંપવામાં આવે. ધોરણ-૧૦-૧૨ની યોજાનાર પરીક્ષાઓમાં ચોરીઓના દૂષણને ડામવા શિક્ષણ વિભાગ અને ખાસ કરીને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજન થઈ રહ્યું છે. આ પરીક્ષાઓમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯,૩૭,૦૦૦ ધોરણ હાયર સેકન્ડી સામાન્ય પ્રવાહમાં ૫,૦૮,૦૦૦, હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહના બીજા અને ચોથા સેમેસ્ટરમાં અંદાજે ૨,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓ બેસીને પરીક્ષા આપશે. જે શાળાઓમાં પરીક્ષા લેવાનાર છે તેમાં જે શાળાઓમાં હાલમાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા છે તેવી શાળાઓને પરીક્ષા સ્થળ તરીકે પહેલી પસંદગી અપાઈ છે. હાલમાં આવી ૨૦૦ કરતા વધુ શાળાઓ છે. તદુપરાંત જે શાળાઓની પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદગી કરાઈ છે તેવી શાળાઓમાં અત્યારથી જ ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાની વ્યવસ્થા કરવા શાળા સંચાલકોને જણાવાયું છે. સીસીટીવી કેમેરાના ફૂટેજ જોઈને પરીક્ષામાં ગેરરીતિ થઈ છે કે કેમ તે તપાસવા માધ્યમિક શિક્ષણ બોર્ડે ખાસ વ્યવસ્થા કરી છે. પરીક્ષાઓ દરમિયાન ચોરીઓને રોકવા ૩૦૦ સ્કવોડની રચના કરાશે, જેનું સંચાલન માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગાંધીનગરથી થશે. જે વિદ્યાર્થી પરીક્ષામાં બેસશે તે વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં સાથે મોબાઈળ લઈ જઈ શકશે નહીં. પરીક્ષાઓમાં ચોરી રોકવા ગૃહ અને શિક્ષણ વિભાગે સંયુક્ત આયોજન કર્યુંછે. અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદા તથા અગ્ર સચિવ શિક્ષણ એ.એમ. તિવારીએ સપ્તાહ પહેલા જિલ્લા વહીવટી તંત્ર સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને પરીક્ષાઓમાં ચોરી રોકવા તકેદારી રાખી ચુસ્ત વ્યવસ્થા કરવા સુચના આપી છે.

# કોબા સર્કલ પાસે ભાજપના નવનિર્મિત કાર્યાલય શ્રીકમલમ્‌નો ૧૦મીએ પ્રારંભ

## મુખ્યમંત્રી ઉપરાંત લાલકૃષ્ણ અડવાણી, રામલાલ, સ્મૃતિ ઈરાની, ઓમ માથુર, પરશોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેશે

અમદાવાદ, તા.૮

ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, ૧૦ ફેબ્રુઆરી, સોમવારના રોજ ગાંધીનગર, કોબા ખાતે ભાજપાના નવનિર્મિત પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્‌નો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં અને રાષ્ટ્રીય અગ્રણી તથા ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણી, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી રામલાલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સ્મૃતિ ઈરાની, પ્રદેશ પ્રભારી ઓમ માથુર અને રાષ્ટ્રીય કિસાન મોરચાના પ્રભારી પરશોત્તમ રૂપાલાની હાજરીમાં મંગલ પ્રારંભ થશે.

જાડેજાએ જણાવ્યું હતું કે, કાર્યાલયના મંગલ પ્રવેશ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં કાર્યકર્તા સંમેલન યોજાશે. જેમાં પ્રદેશ હોદ્દેદારો, કારોબારી સભ્યો, મોરચાના અને સેલના હોદ્દેદારો, સંસદ સભ્યો, ધારાસભ્યો, જીલ્લા પ્રભારી, જીલ્લા પદાધિકારીઓ, બોર્ડ નિગમના ચેરમેન-વાઈસ ચેરમેન, લોકસભા સીટના ઈન્ચાર્જ, જીલ્લા, તાલુકા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના સદસ્યો સહકારી ક્ષેત્રના આગેવાનો સહિત મંડલ સ્તર સુધીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં કાર્યકર્તાઓને પ્રદેશના અને રાષ્ટ્રીય અગ્રણીઓ માર્ગદર્શન આપશે.

# વેલેન્ટાઈન વીકની ઉજવણીમાં યુવાવર્ગમાં ઉત્સાહનો માહોલ

## આજે ચોકલેટ ડેની ઉજવણી કરાશે : આ વેલન્ટાઈન વીકની ઉજવણીમાં સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટ બાકાત રહી નથી : ઉજવણીની તૈયારીઓ શરૂ

અમદાવાદ, તા.૮

પ્રેમનો એકરાર કરવા માટે જાણીતા એવા "વેલેન્ટાઈન-ડે"ને ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે યુવા વર્ગોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વેલન્ટાઈન-ડેની ઉજવણી કરવાની પૂર્વ તૈયારીની શરૂઆત થઈ ચુકી છે.

વેલન્ટાઈન-ડેના સાત દિવસ અગાઉથી "વેલન્ટાઈન-વીક"ની શરૂઆત થઈ જતી હોય છે. આ વેલન્ટાઈન વીકમાં ક્રમશઃ રોઝ-ડે, પ્રપોઝ-ડે, ચોકલેટ-ડે, ટેટી-ડે, પ્રોમીસ-ડે, હગ-ડે જેવા દિવસોની ઉજવણી કરાતી હોય છે. પશ્ચિમના દેશોમાં ઉજવાતા આ દિવસોને હવે દેશભરમાં પણ જોરશોરથી ઉજવણી થાય છે. ગતરોજ રોઝ-ડેની ઉજવણી અમદાવાદ સહિત રાજ્યભરમાં થઈ હતી. રોઝ-ડે નિમિત્તે ફક્ત પ્રેમીઓ જ નહીં પરંતુ મિત્ર વર્તૂળમાં પણ જુદા-જુદા રંગના રોઝ આપીને ઉજવણી કરાઈ હતી. ત્યારબાદ આજરોજ પ્રપોઝ-ડેની ઉજવણી કરાઈ હતી. આજના આધુનિક યુગમાં સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે ત્યારે આ વેલન્ટાઈન વીકની ઉજવણીમાં પણ આ સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટ બાકાત રહી નથી. જેમાં ફેસબુક, ટ્વિટર, વોટ્સઅપ, ટેલીગ્રામ પર જે તે દિવસની ઉજવણી પૈકીના સંદેશાઓ સવારથી જ મોકલાતા હોય છે. આવતીકાલે વેલેન્ટાઈન વીકનો ત્રીજો દિવસ ચોકલેટ-ડે તરીકે ઉજવાશે. બજારમાં મળતી અવનવી ચોકલેટો મિત્ર, પ્રેમીઓને ભેટ તરીકે આપીને ઉજવણી કરાશે.

# કેશુભાઈ વિસાવદરની બેઠક ભરત માટે ખાલી કરશે

## વિસાવદર મત ક્ષેત્રમાં પિતા કેશુભાઈનો વારસો જાળવી રાખવાની દિશામાં ભરત પટેલ રાજકીયરીતે સક્રિય થયા

અમદાવાદ, તા.૮

દેશમાં લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગેરભાજપી આગેવાનો તથા કાર્યકરોનો ભાજપમાં જોડાવવાની હોડ લાગી છે અને કેટલાક પ્રાદેશિક પક્ષો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે ગુજરાતના એક વખતના ખૂબજ કદાવર પાટીદાર નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ રાજકારણમાંથી નિવૃત્તિ લઈ તેમની વિસાવદરની વિધાનસભાની બેઠક તાજેતરમાં ભાજપમાં જોડાયેલા તેમના પુત્ર ભરત પટેલ માટે ખાલી કરે તેવી જોરદાર અટકળો વહેતી થતા રાજકીય વાતાવરણ વધુ ઉત્તેજીત બન્યું છે. થોડાક દિવસ પહેલા કેશુભાઈ પટેલે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ પદેથી



રાજીનામુ આપી તેમના રાજકીય નિવૃત્તિના સંકેતો આપી દીધા હતા. ત્યારબાદ તાજેતરમાં જ ગુજરાત પરિવર્તન પાર્ટીનું ભારતીય જનતાપાર્ટીમાં વિલિનિકરણ થશે તેવા નવા નિમાયેલા પક્ષ પ્રમુખ ગોરધન ઝડફિયાએ પણ સ્પષ્ટ સંકેતો આપ્યા બાદ ગુજરાતનું રાજકારણ ધખધખવા લાગ્યુ છે. લગભગ એકાદ મહિના પહેલા કેશુભાઈ પટેલના પુત્ર ભરત પટેલ ભાજપમાં જોડાયા ત્યારે ખુદ કેશુભાઈ પણ ભાજપમાં જોડાશે તેવી જોરદાર અટકળો વહેતી થઈ હતી. ત્યારબાદ ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ પદેથી તેમણે રાજીનામુ આપ્યુ ત્યારે પણ તેઓ જીપીપીના લાવલશ્કર સાથે ભાજપમાં જોડાશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ હતુ. પરંતુ આ રાજકીય ઘટનાક્રમમાં જબરદસ્ત ટ્વિસ્ટ આવ્યો છે અને હવે કેશુબાપા રાજકારણનો સદાય માટે રામરામ કરી વિસાવદર વિધાનસભાની બેઠક તેમના પુત્ર ભરત પટેલ માટે ખાલી કરશે અને ભરત પટેલ આ બેઠક પરથી ભાજપની ટિકિટ પર પેટાચૂંટણીમાં ઝંપલાવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

ભાજપમાં જોડાયેલા ભરત પટેલે વિસાવદર મત વિસ્તારમાં સંખ્યાબંધ રાજકીય બેઠકો લેવાનું શરૂ કરી દીધુ છે અને સામાજિક પ્રસંગોમાં પણ તેમની હાજરીની સર્વત્ર નોંધ લેવાઈ રહી છે એટલું જ નહીં પરંતુ ખુદ ભરત પટેલે પણ વિસાવદરની બેઠક તેમની પરંપરાગત બેઠક હોવાથી તેઓ પિતાનો આ વારસો જાળવી રાખશે તેવો સીધો ઈશારો કર્યો છે જેના કારણે કેશુભાઈ પટેલની નિવૃત્તિ અને ભરત પટેલનો રાજકીય ઉદયના ડંકા વાગી રહ્યા છે.

![NEWS બિઝ]

### ● ઈન્દ્રા નુઈ પાવરફુલ મહિલાઓમાં ત્રીજા ક્રમે

પેપ્સીકોના સીઈઓ ઈન્દ્રા નુઈ અને આઈસીઆઈસીઆઈ બેંકના મેનેજીંગ ડિરેક્ટર ચંદા કોચર ૫૦ સૌથી શક્તિશાળી બિઝનેસ મહિલાઓની યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. ફોર્ચ્યુન ૫૦ મોસ્ટ પાવરફુલ વુમનની યાદીમાં તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. આ યાદીના ભારતીય મૂળના મહિલા ઈન્દ્રા નુઈ ત્રીજા ક્રમે રહ્યા છે. જ્યારે ચંદા કોચર ૧૮મા સ્થાન પર છે.


### ● નાના પાટેકરે ભાજપની ઓફર ફગાવી

બોલીવુડ અભિનેતા નાના પાટેકરે ભાજપને આંચકો આપતા પક્ષમાં જોડાવવાનો ઈન્કાર કરી દીધો છે. ભાજપે નાના પાટેકરને પક્ષમાં જોડાવવા તથા ઉત્તર-મધ્ય મુંબઈમાં પ્રિયાદત્ત સામે લોકસભા ચૂંટણી લડવાની ઓફર કરી હતી. આ માટે ભાજપના વડાપ્રધાન પદના દાવેદાર નરેન્દ્ર મોદીના ઈશારે મુંબઈના એક અગ્રણીએ નાના પાટેકરને ઓફર કરી હતી પણ નાના પાટેકરે ચૂંટણી લડવા કે કોઈ રાજકીય પક્ષનો હાથો બનવા તૈયાર નહી હોવાનું જણાવીને આ ઓફર ફગાવી છે.

### ● મમતા ફોર પી.એમ. અન્નાનો ટેકો

આગામી લોકસભાની ચૂંટણી બાદની સર્જાઈ શકતી ત્રિશંકુ લોકસભાની સ્થિતિમાં જાણીતા ગાંધીવાદી નેતા શ્રી અન્ના હજારે પ. બંગાળના મુખ્યમંત્રી તથા તૃણમુલ કોંગ્રેસના નેતા સુશ્રી મમતા બેનરજીને વડાપ્રધાન પદ માટે ટેકો આપી શકે છે. અન્નાએ જે ૧૭ પોઈન્ટનો એજન્ડા તૈયાર કર્યો છે તે તમામ મુખ્યમંત્રીઓ તથા રાજકીય પક્ષોને મોકલ્યો છે. પરંતુ એકમાત્ર મમતા બેનરજીએ જ અન્ના હજારેના પત્રનો જવાબ આપતા તેઓને આ મુદ્દાઓ પર ટેકો જાહેર કર્યો છે. જેનાથી અન્ના ખુશ છે. અને તેઓ મમતા બેનરજીના પક્ષ માટે પ્રચાર કરવા જાય તેવી પણ શક્યતાઓ છે.

## શબ્દાવલી - ૫૩૦૮



### આડી ચાવી

૧. ખેંચતાણ, ધમાધમ (૫)
૬. સદ્‌ગુણી, સારું (૩)
૭. હાથીનું બચ્ચું (૪)
૯. ચેતન વગરનું, સ્થૂળ (૨)
૧૦. પ્રવાહી, ફળોનું જ્યુસ (૨)
૧૨. સહાય, ઉપયોગી થવું (૩)
૧૫. ઝવેરાત, ઘરેણાં (૨)
૧૬. બંદુકને... પણ કહેવાય(૨)
૧૭. પ્રેમ, આકર્ષણ (૩)
૧૯. ઘસાવાથી થતો કાપો, આંકો (૪)
૨૨. પોતાની જાતને માનવાચક રીતે હિંદીમાં... કહેવાય (૨)
૨૩. અણુ પદાર્થ, ... બોમ્બ(૩)
૨૪. ઓછી પ્રકાશિત લાઇટને... લાઇટ કહેવાય (૨)

### ઊભી ચાવી

૧. નગદ, રોકડું (૪)
૨. પતિની ચિંતા સાથે બળે તેને... કહેવાય (૨)
૩. ઠંડીમાં ગળે વીંટાળવાનું કપડું (૪)
૪. અક્કલ, શાન (૩)
૫. પગની એડી (૫)
૮. કોઇ જગ્યાએ અટક્યા વગરની મઝલ (૫)
૧૧. સરેરાશ, અંદાજથી (૪)
૧૩. મુસ્લીમોને નમાજ પઢવાનું સ્થળ (૪)
૧૪. પાણીનો ઘાટ, પાણી ભરવાનું સ્થળ (૪)
૧૮. પાણીમાં થતું કુંડાળું, ભમરી (૩)
૨૦. સોગન (૨)
૨૧. એક જાતની દરિયાઇ જીવડાનું ઘર (૨)

### શબ્દાવલી ૫૩૦૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આસામાન (૪) પાદુકા (૬) રદ (૭) પામોલીન (૯) લવણ (૧૨) વાડી (૧૩) પરસાદ (૧૬) પાળ (૧૮) સાદર (૧૯) બાલ (૨૦) લીડરશીપ (૨૧) માન

**ઊભી ચાવી :-** (૧) આરપાર (૨) સદમો (૩) નયન (૪) પાયલ (૫) કારણ (૮) લીમડી (૧૦) વરસાદ (૧૧) કોપ (૧૨) વાળ (૧૪) રસાળ (૧૫) દરવાન (૧૬) પાટલી (૧૭) તુલશી (૧૯) બાર

## કંપની સમાચાર

### આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપક્રમે ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૨-૧૩ ની જાહેરાત

જીવનમાં માનવસેવાનો ભેખ લઈને બેઠેલા વ્યક્તિઓને સન્માનિત કરવા આવા અતૂલ્ય અને અમૂલ્ય વિરલાઓનું ધરતીનાં રત્નો તરીકે અભિવાદન કરવા આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૨-૧૩ ની જાહેરાત કરવામાં આવી છે. તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૪નાં રોજ સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયમાં યોજાનારા કાર્યક્રમમાં ગુજરાતનાં, રાજયપાલ મહામહિલ ડૉ. શ્રીમતી કમલાજીનાં હસ્તે ૧૧ વ્યક્તિઓને રૂા. ૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર તથા એવોર્ડ આપીને ધરતી રત્ન એવોર્ડ વિજેતા તરીકે સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત ડૉ. એચ. એલ. ત્રિવેદીને સ્વાસ્થ્ય સેવાઓમાં શ્રેષ્ઠતા માટે રૂા. ૨૫,૦૦૦નો રોકડ પુરસ્કાર તથા એવોર્ડ આપીને બહુમાનિત કરવામાં આવશે.

ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૨-૧૩ અંગે માહિતી આપતા આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ સીએ આર. એસ. પટેલે જણાવ્યું હતું કે, સમાજમાં કેટલાંક લોકો એવા છે કે જેમને નોકરી કે ધંધામાં અનેકગણું કમાવવાની તક હોય પરંતુ જીવનમાં માનવ સેવાનો જ ઉદ્દેશ લઈને બેઠા હતા અને જીવનમાં મૂલ્યવાન વર્ષો ફક્ત માનવસેવામાં જ સમર્પિત કર્યા હોય તેવા અમૂલ્ય અને અતૂલ્ય વિરલાઓ ધરતીના રત્નોનું ધરતી રત્ન એવોર્ડ આપીને અભિવાદન કરવામાં આવે છે. તેમાં રૂા. ૧૧,૦૦૦ નો રોકડ પુરસ્કાર તથા એવોર્ડ આપવામાં આવે છે. ધરતી એવોર્ડ આપવાનો અમારો હેતુ સમાજમાં સારા કામનાં ઉદાહરણોનો એક પ્રેરણાસ્ત્રોતો ઉભો કરવાનો છે.

### મારૂતી સુઝુકી દ્વારા જાહેર કરાયેલ ક્રાંતિકારી ઓટો ગીઅર શીફટ સહિત 'સેલેરીઓ'નું સૌ પ્રથમ ગ્લોબલ ડીબટ

કાર માર્કેટ લીડર મારૂતી સુઝુકી દ્વારા આજે અત્રે લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તેવા ક્રાંતિકારી ઓટો ગીઅર શીફટ સહિત કોમ્પેકટ કાર, સેલેરીઓને લોન્ચ કરવામાં આવી હતી. મેન્યુઅલ ટ્રાન્સમિશન જેવી ફયુઅલ ક્ષમતા સહિત ક્રાંતિકારી ઓટો ગીઆર શીફટ, કે જેનું **EZ** ડ્રાઈવ તરીકે નામાભિધાન કરવામાં આવ્યું હતું, જે હવે, ભારતીય માર્ગો પર કાર ડ્રાઈવીંગનો પુનઃ અનુભવ કરાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગઈ છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સેલેરીઓની ઓટો ગીઅર શીફટ, પેસેન્જર કાર પૈકી ભારતમાં સૌ પ્રથમ છે.

**A2** સેગમેન્ટ સેલરીઓને ચાલુ કરવા માટે પ્લેઝન્ટ સરપ્રાઈઝીસનું એક સંપૂર્ણ પેકેજ છે. કેટલાંક લાભોમાં, સેલેરીઓ, ઓટો ગીઅર શીફર તથા મેન્યુઅલ ટ્રાન્સમિશન વેરીઅન્ટસ એમ બંને માટે **23.1 Kmpl** ની કલાસ ફયુઅલ ક્ષમતા સાથે સૌથી શ્રેષ્ઠ છે.

સેલેરીઓને આકર્ષક કિંમતે લોન્ચ કરવામાં આવ્યું છે. આ કિંમત, સુપિરીઅર ટેકનોલોજી ખૂબ જ ખર્ચાળ છે તેવા ખોટા ખ્યાલને સંપૂર્ણ રીતે દૂર કરે છે. કયારેક મેન્યુઅલ તથા આટોમેટીક ટ્રાન્સમિશન વેરીઅન્ટસ વચ્ચે રહેલ કિંમતનો મોટો તફાવત મેન્યુઅલ ટ્રાન્સમિશન કાર્સ ખરીદવા માટે ખરીદનારને લલચાવે છે. કારના મેઈન્ટેનન્સ બાબતે, સેલેરીઓની ઓટો ગીઅર શીફટ ટેકનોલોજી એફોર્ડબલ તથા હેસલ ફ્રી છે. સેલેરીઓ સાથે, કંપની, આ કામગીરીમાં આમૂલ પરિવર્તન લાવવા તથા ટેકનોલોજી બારને રેઈઝ કરવા પ્રતિબદ્ધ છે.

### શૌચાલય નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંમેલન કર્યુ. આ સંમેલનમાં આશા કાર્યકરો તલાટીઓને પણ સાથે રાખ્યા હતા. સામાજિક ન્યાય સમિતિઓના ચેરમેનોને પણ સંમેલનમાં હાજર રાખી આખા અભિયાનથી વાકેફ કર્યા હતા.

આ ઉપરાંત ૫૧ જેટલા ગામોમાં ગ્રામ સંમેલનો પણ યોજ્યા છે. આ સંમેલનો દરમ્યાન ૪ હજાર જેટલા પરિવારોના શૌચાલયો બનાવવા અંગેના અરજીપત્રકો પણ મેળવવામાં સફળતા મળી છે.

જિલ્લાતંત્રનો દાવો છે કે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૭ ગામ નિર્મળ બની ચુક્યા છે જ્યારે ચાલુ વર્ષે ૪૨ ગામો માટેનો પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો. આ ગામો માટેની ચકાસણી પણ ટીમ દ્વારા થઈ ગઈ છે માત્ર પરિણામની રાહ જોવાય છે.

ગાંધીનગર જિલ્લામાં શૌચાલયોના નિર્માણ માટે તંત્રએ અભિયાન હાથ ધર્યુ છે. આ વર્ષે સરકારે ૧૭હજાર જેટલા આવાસોમાં શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક ફાળવ્યો છે. આ દિશામાં સઘન પ્રયાસો તંત્રએ અત્યારથી જ હાથ ધરી દીધા છે.

આગામી પાંચ વર્ષમાં તમામ આવાસોમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ બનો તે માટે તંત્રએ આયોજન અત્યારથી જ કરી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

### તૈયારીઓને આખરી ઓપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખરી ઓપ અપાઈ રહયો છે.

આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે અંબોડ ખાતે અશ્વ મેળાની તૈયારીઓ સંદર્ભે સ્થળ નિરીક્ષણ કરી ટ્રાફિક, પાર્કિંગની વ્યવસ્થા, પાણીની સુવિધા, સ્ટોલ અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેની વ્યવસ્થા, અશ્વ શૉ અંતર્ગત થનાર વિવિધ સ્પર્ધાઓ વગેરે બાબતે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, તરણેત્તર, વૌઠા, ફાગવેલ, સિધ્ધપુરના મેળાની હરોળમાં મહાકાલી અશ્વ મેળો પણ -સ્થાપિત થાય, જિલ્લાની એક આગવી ઓળખ બની રહે, તે દ્વારા જિલ્લાના -વાસનને વેગ મળે તે રીતે સમગ્રયતા આયોજન કર્યુ છે. આ મેળાના આયોજનથી આસપાસના વિસ્તારના લોકો માટે સ્થાનિક રોજગારીની તકોનું પણ નિર્માણ થશે.

અશ્વ મેળા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓની સાથે જ, તા.૧૧ થી તા.૧૫ દરમ્યાન રોજ સાંજે મનોહર સાંસ્કૃતિક કાર્યક્રમો જેમ કે, નાટક-ભવાઈ, લોકડાયરો, રાસ-ગરબાની કૃતિઓ મુલાકાતીઓને આકર્ષિત કરશે. આ ઉપરાંત રાજય સરકારની વિવિધ લાકોપયોગી યોજનાઓની માહિતી આપતા અંદાજે ૧૫ સ્ટોલ અને ચકડોળ-ચકરડી જેવા મનોરંજનના સાધનો થકી અશ્વ મેળો ભાતીગળ લોકમેળો બની રહેશે.

આ અશ્વ મેળા અંતર્ગત ચુનંદા અશ્વોનું -દર્શન, અશ્વ લે - વેચ, અશ્વો માટેના સરંજામ-શણગારની ચીજવસ્તુઓના સ્ટોલ, અશ્વોની વિવિધ હરિફાઈઓ મુલાકાતીઓને આકર્ષિત કરશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અશ્વ મેળાના આયોજન માટે જિલ્લાના અધિકારી-કર્મચારીઓની વિવિધ ૧૬ સમિતિઓ બનાવવામાં આવી છે. આ સમિતિઓ સ્વાગત-રજિસ્ટ્રેશન, નિવાસ, સ્ટેજ-લાઈટ, પાણી પુરવઠો, આરોગ્ય, ટ્રાન્સપોર્ટ-પાર્કિંગ, કાયદો-વ્યવસ્થા, સફાઈ, -ચાર--સાર, સંકલન, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈનામ વિતરણ, સ્ટોલ વગેરે અંગેની વ્યવસ્થાઓ સંભાળશે.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાનું છે**

હોન્ડા **CBR, 250 CC ABS** મોડેલ ૨૦૧૨, ૫૦૦૦ કિલોમીટર ફરેલ છે.

**સંપર્ક : ૯૮૨૫૬ ૪૬૪૦૪**

**મકાન વેચવાનું છે**

બે બેડરૂમ, ફીક્સ ફર્નિચર, એ.સી. વગેરે સાથે હમણાં જ રીનોવેશન કરાવેલ, હવા-ઉજાસવાળો ફલેટ, સેક્ટર-૨ ૩માં પ્રથમ માળે વેચવાનો છે.

**૦૭૯-૨૩૯૬૩૧૧૭**

**૯૮૨૪૪૦૯૦૨૬**

(સાંજે ૬-૩૦ પછી)

**Vacancy/Interview**

Part Time / Full Time
Male-15, Female-20
Age-30 years and above
Education : 12th Pass
Earning : 15000/- p.m.
**Call : (M) 99244 46645**

## જાહેર નિવિદા

નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગરની કચેરીમાં ઝેરોક્ષ મશીન ઓપરેટર સાથે મુકીને ઝેરોક્ષની કામગીરી કરવા માટે વાર્ષિક ધોરણે રેઈટ કોન્ટ્રાક્ટ આપવાનો હોવાથી ઝેરોક્ષની કામગીરી કરવાનો ધંધો કરતા સ્થાનિક ઈજારદારો પાસેથી સીલબંધ કવરમા ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો આ કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી જોઈ શકાશે.

સદરહુ ઝેરોક્ષ કામ માટેના ફોર્મ રૂ. ૧૦૦/- (એકસો) (નોન રીફંડેબલ) ભરી આ કચેરીમાંથી તા. ૧૦/૨/૨૦૧૪ થી તા. ૧૭/૨/૨૦૧૪ સુધી ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન મેળવી લેવાના રહેશે અને ભરેલા ફોર્મ તા. ૨૧/૨/૨૦૧૪ સમય ૧૭-૦૦ કલાક સુધી સ્વિકારવામાં આવશે. રજૂ થયેલ ભાવપત્રકો તા. ૨૪/૨/૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરીના મીટીંગ રૂમમાં ઈજારદારોની રૂબરૂમાં ખોલવામાં આવશે. ઈજારો મંજુર/નામંજુર કરવાની સત્તા નિયામકશ્રી નગરપાલિકાઓને અબાધિત રહેશે.

સહી/-
નિયામક નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૪૭૭/૧૩-૧૪

## ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.
### ઈ-ટેન્ડર નોટીસ

જનરલ મેનેજર (પ્રો.૧) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમીટેડ (જી.એસ.આર.ડી.સી.) ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧/એ, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઓન-લાઈન ટેન્ડર (પ્રિક્વોલિફીકેશન + ટેકનીકલ બીડ અને પ્રાઈસ બીડ) મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ (રૂા. કરોડમાં) | બાનાની રકમ (રૂા. કરોડમાં) | ટેન્ડર ફી રૂપિયામાં | સમય મર્યાદા (માસ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | વાઈડનીંગ એન્ડ કન્સ્ટ્રક્શન ટુ ફોર લેન ઓફ વેરીયસ સ્ટ્રક્ચર્સ (ઈન્ક્લુડીંગ આર.ઓ.બી. મેજર બ્રીજ) એલોંગ સુરત-બારડોલી રોડ | ૫૦.૦૦ | ૦.૫૦ | ૨૫૦૦૦ | ૧૮ |

ટેન્ડર ઓન લાઈન ઈ-ટેન્ડરીંગથી વેબસાઈટ www.gsrdc.nprocure.com પરથી ભરવાનું રહેશે. ઈ-ટેન્ડરીંગની અગત્યની તારીખો નીચે પ્રમાણે છે. આ ટેન્ડર નોટીસની સંપૂર્ણ વિગતો વેબસાઈટ www.gsrdc.com પર ઉપલબ્ધ છે.

| Particular | Date | Time |
|---|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ શરૂ કરવાની તારીખ/સમય | ૪/૩/૨૦૧૪ | ૧૨-૦૦ કલાકે |
| પ્રિ-બીડ મીટીંગ (સ્થળ: બોર્ડ રૂમ, ગુ.રા.મા.વિ.નિ.લિ., ગાંધીનગર | ૧૧/૩/૨૦૧૪ | ૧૨-૦૦ કલાકે |
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ/સમય | ૩/૪/૨૦૧૪ | ૧૮-૦૦ કલાક સુધી |

માહિતી/૨૪૯૨/૧૩-૧૪